# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૬ તા. ૨૩-૧૦-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-શાળાના વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ કઢાવવા બાબત.**

**સંદર્ભ :-ક્રમાંક : પ્રા શિ નિ / છ - ૨ / આધારકાર્ડ / ૨૦૧૫-૧૬ / ૧૯૪૨ - ૯૩ પ્રા.શિ.નિ.ની કચેરીનો તા.૧૪-૭-૨૦૧૫નો પત્ર.**

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે, ઉપરોકત સંદર્ભિત પત્ર દ્વારા તમામે તમામ વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ કઢાવવાના થાય છે. આધારકાર્ડ દરેક વિદ્યાર્થી મેળવે તે માટે મુખ્ય શિક્ષકશ્રીઓને પ્રયત્ન કરવા જણાવવામાં આવે છે.

હાલમાં આ સાથે સામેલ શાળાઓમા આજથી આધાર કાર્ડ કઢાવવાની કામગીરી ચાલુ છે, તેવી શાળાઓ(ગુજરાતી,હિન્દી)માં આગામી તા.૨૪-૧૦-૧૫ અને તા.૨૫-૧૦-૧૫ના રોજ જાહેર રજા હોવા છતાં શાળાઓમાં આ કામગીરી ચાલુ રાખવાની હોઈ વિદ્યાર્થીઓને જાણ કરી તમામે તમામ સ્ટાફે હાજર રહેવાનું રહેશે. વળી જે શાળાઓમાં આ અગાઉ આધારકાર્ડ જે-તે વિદ્યાર્થીઓએ કઢાવેલ છે, તેવા વિદ્યાર્થીઓની માહિતી પરિપત્ર નંબર : ૪૫/ તા.૧૫-૭-૧૫ ના ફોર્મેટ મુજબની સંખ્યા શનિવાર સુધીમાં જે-તે ઝોનના સુપરવાઈઝરશ્રીને ફોનથી લખાવી દેવી અને ફોર્મેટ પ્રમાણે તા.૨૭-૧૦-૧૫ સુધીમાં મોકલી આપવી.

વિદ્યાર્થીઓના આધારકાર્ડ સરળતાથી અને ઝડપી નિકળે તે માટે વિદ્યાર્થીઓનો ફોટો, બોનાફાઈડ સર્ટી. વગેરે જરૂરી હોય તે અગાઉથી ભરીને વર્ગશિક્ષકે રાખવા.

આ ઉપરાંત તમામે તમામ શાળાઓની મુખ્ય શિક્ષકશ્રીઓએ પણ અત્રેથી આધારકાર્ડ કાઢવા માટે મ્યુનિ. કોર્પો.ની ટીમ શાળામાં આવે ત્યારે સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે. શાળા દફતરે વિદ્યાર્થીઓના ફોટા સાથેના બોનાફાઈડ સર્ટિ. તૈયાર કરી વર્ગશિક્ષકે રાખવા અને આધારકાર્ડ અંગેનું ફોર્મ પણ સુવાચ્ય અક્ષરે અંગ્રેજીમાં ભરી આપવું.

શાળામાં આધારકાર્ડ માટે મૂકવામાં આવેલી કીટનો ઉપયોગ વિદ્યાર્થીઓ માટે જ છે. જાહેર જનતા કે નાગરિકો આ સમયે આધારકાર્ડ માટે પ્રવેશ ન કરે તે ખાસ જોવાનું રહેશે.

તા.૨૩-૧૦-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

## તા.૨૩.૧૦.૧૫ થી ૨૫.૧૦.૧૫(ત્રણ દિવસ સુધીનો) સ્કૂલોનો કિટ ડિપ્લોયમેન્ટ પ્લાન

| ક્રમ | સ્કૂલનું નામ | સરનામું | બાળકોની સંખ્યા | એજન્સીનું નામ | ફાળવેલ કિટની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | પુરૂષોત્તમનગર શા.૧/૨ | નિકોલ રોડ, વિરાટનગર | ૨૦૦૦ | આઈસેક | ૪ |
| ૨ | ઓઢવ શા.૨ | ટેકરાપર | ૧૩૦૦ | એનવીઆર | ૩ |
| ૩ | અંબિકનગર શા.૧ | અંબિકાનગર,ઓઢવ | ૯૫૦ | એનવીઆર | ૨ |
| ૪ | કરશનનગર શા.૧/૨ | રબારી વસાહત,ફાયરબ્રિગેટ સામે, અમરાઈવાડી | ૨૩૦૦ | મંત્રા | ૪ |
| ૫ | વાડજ શા.નં.૧/૨/૩/૪ | વાડજ બસ સ્ટેન્ડ પાછળ, જૂનાવાડવ | ૧૬૦૦ | એનવીઆર | ૪ |
| ૬ | નવા વાડજ શા.નં.૯/૧૦ | શ્રીનાથ એપાર્ટમેન્ટ પાસે, નવા વાડજ | ૧૨૦૦ | આઈસેક | ૨ |
| ૭ | બહેરામપુરા શા.૧/૧૧,૨/૧૨ | ગૌતમનગર ચોકડી | ૧૨૦૦ | મંત્રા | ૪ |
| ૮ | નોબલનગર શા.૩/૪ | નોબલનગર આઈટીઆઈ સામે | ૮૦૦ | મંત્રા | ૨ |
| ૯ | જશોદાનગર શા.૧/૨ | જશોદાનગર ટેકરા ઉપર, સીટીએમ ચાર રસ્તા પાસે | ૧૧૦૦ | એનવીઆર | ૨ |
| ૧૦ | ખોખરા શા.૧૨ | લક્ષ્મીનારાયણ બસ સ્ટેન્ડ પાસે | ૧૦૦૦ | આઈસેક | ૨ |
| ૧૧ | વાસણા શા.૧/૨/૫/૬ | વાસણા બસ સ્ટેન્ડ પાછળ | ૧૨૦૦ | મંત્રા | ૨ |
| ૧૨ | દૂધેશ્વર શા.૩ | મહેંદીકુવા | ૫૦૦ | મંત્રા | ૨ |
| ૧૩ | કુબેરનગર હિ.૧ | કુબેરનગર | ૭૦૦ | મંત્રા | ૨ |
| ૧૪ | મેઘાણીનગર શા.૧/૩ | ઓએનજીસી,ડી-૧૯ દવાખાના | ૯૫૦ | આઈસેક | ૨ |
| ૧૫ | અમરાઈવાડી શા.૧,૨,૧૨,૫,૬,૧૧ | અમરાઈવાડી પોલીસ સ્ટેશનની પાછળ, જોગેશ્વર મંદિર | ૨૦૦૦ | એનવીઆર | ૪ |
| ૧૬ | શાહવાડી શા.૨ | શાહવાડી ગામ | ૮૦૦ | મંત્રા | ૨ |
| ૧૭ | અસારવા શા.૧/૨/૧૧/૧૨ | હોળી ચકલા | ૧૨૦૦ | ગુજ. ઈન્ફોટેક | ૨ |
| ૧૮ | સાબરમતી શા.૫/૬ | જવાહર ચોક | ૧૧૦૦ | ગુજ. ઈન્ફોટેક | ૨ |
| ૧૯ | બારડોલપુરા શા.૧,૨ | માધુપુરા | ૪૦૦ | મંત્રા | ૧ |